DATE :- 11-06-2026

GUJARAT SAMACHAR, PAGE-04, SURAT

# મેટ્રો રેલનો રૂટ ૪.૪ કિ.મી લંબાવી બુલેટ ટ્રેન સ્ટેશન સાથે જોડાશે

(પ્રતિનિધિ દ્વારા) સુરત, બુધવાર

સુરત શહેરમાં નજીકના દિવસોમાં દોડનારી મેટ્રો રેલ પ્રોજેક્ટના વ્યૂહાત્મક વિસ્તરણનું આયોજન કરવામાં આવ્યું છે. જાહેર પરિવહનને વધુ સક્ષમ અને મજબૂત બનાવવા ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) દ્વારા તાજેતરમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. સારોલી સુધી દોડનારી મેટ્રો રેલને બુલેટ ટ્રેન સ્ટેશન સાથે જોડી દેવા નવો ડીપીઆર તૈયાર થયો છે. ૧૪૦૦ કરોડ રૂપિયાના ખર્ચ પ્રોજેક્ટનું વિસ્તરણ કરવા દિલ્હી દરબારમાં મળનારી મંજૂરી ઉપર સૌની મીટ મંડાઈ છે.

## ૧૪૦૦ કરોડ રૂપિયાના ખર્ચનો ડીપીઆર દિલ્હી મોકલાયો, કેન્દ્રીય કેબિનેટની અંતિમ મંજૂરીની રાહ જોવાઈ રહી છે

સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત ભેંસાણથી સારોલી વચ્ચેના ૧૮.૭૫ કિલોમીટર લંબાઈ ધરાવતા રૂટને સારોલીથી આગળ અંત્રોલી સુધી લઈ જવા ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા પ્રસ્તાવ રજૂ કરાયો છે. તંત્રના આધારભૂત વર્તુળોએ જણાવ્યું કે, સારોલીથી અંત્રોલી વચ્ચે મેટ્રો ટ્રેનનું અંતર ૪.૪ કિલોમીટર છે. સારોલીથી આગળ વધનારા રૂટ ઉપર ચેડછા, વેડછા અને અંત્રોલી ત્રણ નવા સ્ટેશનોનું નિર્માણ કરવા આયોજન હાથ ધરાયું છે. આ વિસ્તરણને પગલે મેટ્રો રેલ દ્વારા બુલેટ ટ્રેનની મુસાફરી વધુ સરળ બનશે. બીજુ કે, યાત્રીઓ ટ્રાફિકજામમાં ફસાયા વિના બુલેટ ટ્રેન સ્ટેશન સુધી સરળતાથી પહોંચી શકશે.

આ અંગેનો ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રાલયને મોકલી દેવામાં આવ્યો છે. આ અંગે જીએમઆરસી દ્વારા કેન્દ્રીય કેબિનેટમાંથી મળનારી મંજૂરીની રાહ જોવામાં આવી રહી છે. આ

(અનુસંધાન ૪થે પાને)

### મેટ્રો રેલનો રૂટ

(છેલ્લા પાનાથી ચાલુ)

એક્સપાન્સન પાછળ ૧૪૦૦ કરોડ રૂપિયાના ખર્ચનો અંદાજ માંડવામાં આવ્યો છે. આ જ પ્રમાણે સરથાણાથી ડ્રીમ સિટીને જોડતા રૂટને લંબાવી નજીકમાં આવેલા સુરત એરપોર્ટ સાથેની કનેક્ટિવીટીને લઈને પણ સળવળાટ શરૂ છે. આ વિસ્તરણ અંગે પણ ડીપીઆર તૈયાર કરી પ્રોજેક્ટ ઝડપથી હાથ ઉપર લેવામાં આવશે. એવું વર્તુળોએ ઉમેર્યું હતું.